અપીલ અરજી નં.૧૦૭ તા.૭–૬ –૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બળવંત એચ. વરીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બળવંત એચ. વરીયાની તા.૭–૨–૧૧ ની અરજીથી (૧) કતારગામ ગોટાલાવાડી ટેનામેન્ટની સામે આવેલ બારડોલીયામાં પ્લોટ નં.બી–૫ માં જે બાંધકામ કરેલ છે તેનો પ્લાન પાસ છે કે નહીં, પ્લોટ કેટલા વારનો છે,તેના પર કેટલા વારનું બાંધકામ કરેલ છે, તેનો માલીક કોણ છે તથા આ પ્લોટ પર બાંધકામ કોનું છે? (૨) પ્લોટ નં. બી–૫ ઉપર જે બાંધકામ કયારે થયેલ છે તેની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૭–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૦૭/૨૦૧૧–૧૨

શ્રી બળવંત એચ. વરીયાની તા.૭–૨–૧૧ ની અરજીથી (૧) કતારગામ ગોટાલાવાડી ટેનામેન્ટની સામે આવેલ બારડોલીયામાં પ્લોટ નં.બી–૫ માં જે બાંધકામ કરેલ છે તેનો પ્લાન પાસ છે કે નહીં, પ્લોટ કેટલા વારનો છે,તેના પર કેટલા વારનું બાંધકામ કરેલ છે, તેનો માલીક કોણ છે તથા આ પ્લોટ પર બાંધકામ કોનું છે? (૨) પ્લોટ નં. બી–૫ ઉપર જે બાંધકામ કયારે થયેલ છે તેની માહિતિ આપવા બાબતે ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતિ અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.એન.ઝેડ/આઉટ/૭૫૪૦ તા.૪–૩–૧૧ થી આપેલ માહિતિ ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલ ેટ ઓફિસરને તા.૭–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ,આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર ન.આરટીઆઈ સેલ/૩૨૭ તા.૧૩–૬–૧૧ થી ડે.કમિ.(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને લગભગ બે માસના વિલંબથી અપીલ અરજી માટે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબ માટે વાજબીપણુ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદર તરફથી તા.૧૭–૬–૧૧ નો પૂરક પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૭–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૭૫૪૦ તા.૪–૩–૧૧ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં અરજદારના અરજીના મુદ્દા નં. (૧) કતારગામ ગોટાલાવાડી ટેનામેન્ટની સામે આવેલ બારડોલીયામાં પ્લોટ નં.બી–૫ માં જે બાંધકામ કરેલ છે તેનો પ્લાન પાસ છે કે નહીં, પ્લોટ કેટલા વારનો છે,તેના પર કેટલા વારનું બાંધકામ કરેલ છે, તેનો માલીક કોણ છે તથા આ પ્લોટ પર બાંધકામ કોનું છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામ ગોટાલાવાડી ટેનામેન્ટમાં આવેલ બારડોલીયામાં આવેલ પ્લોટ નં.બી/૫ માં હાલમાં કતારગામઝોન કક્ષાએથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. બી/૫ ના માલીક પ્લોટ કેટલા વારનો છે તેના પર કેટલા વારનું બાંધકામ છે જેની વિગત કતારગામઝોન કચેરીએ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૨) પ્લોટ નં. બી–૫ ઉપર જે બાંધકામ કયારે થયેલ છે તેની માહિતિ આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ પ્લોટ નં.બી/૫ માં જે બાંધકામ છે તે કયારે થયેલ છે જેની વિગત કતારગામઝોન કચેરીએ ઉપલબ્ધ રેકર્ડ પર ચકાસણી કરતાં રેકર્ડ ન હોઈ વિગતો આપી શકાતી નથી. તેવું જણાવેલ છે. અરજદારે બે માસના વિલંબિત અપીલ વિલંબનું વાજબીપણું જણાવ્યા વિના કરેલ છે જે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. આમ અરજદારે જવાબ ખોટો મળેલ હોવાનું જણાવી તા.૭–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે કોઈ આધાર કે પુરાવા અપીલ અરજી સાથે રજૂ કરેલ નથી પરંતુ અરજદારે અપીલ અરજી વિલંબના કારણમાં જણાવેલ છે કે અરજદાર અહીં હાજર ન હોવાથી પત્ર મળેલ ન હોઈ જેથી લેટ અપીલ કરવામાં આવેલ છે. તેવું જણાવેલ. વધુમાં અરજદારે મુળ અરજીમાં બાંધકામના પ્લાન પાસ અંગેની વિગત માંગેલ છે. જેના અનુસંધાને કતારગામઝોન તરફથી જવાબમાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી એવો જવાબ આપેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી દફતરી વિગતે  પૂરી પડાયેલ હોઈ  અરજદારની અપીલ અરજી અંગે  વિશેષ કોઈ  હુકમ કરવાનો  રહેતો નથી. અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૭–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર (સીવીલ)  અને  જાહેર માહિતી અધિકારી ( કતારગામઝોન)....જાણ તથા અમલ  માટે
(૨)શ્રી બળવંત એચ. વરીયા,